"નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરયે
Jainuniversity.org અને મા સરસ્વતી ભક્તિ ગ્રુપ આયોજીત
સરસ્વતી સમ્યક જ્ઞાન પ્રતિભા શોધ અભિયાન
પ્રેરણા તથા આશીર્વાદ દાતા : જિન શાસન શણગાર પરમ પૂજ્ય
આચાર્ય ભગવંત શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન સરસ્વતી સાધક
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
સચોટ સવાલના સચોટ જવાબો - અંતર્ગત જ્ઞાન પ્રતિભા ધારક વિજેતાનો જવાબ
અને અન્ય સ્પર્ધકોના જવાબ"

## સવાલ નંબર 7

👉 સવાલ નંબર-7 નીચેના શબ્દોની સચોટ જાણકારી સૌથી ઓછા શબ્દોમાં સરળતાથી સમજાવો:
પ્રામાણિકતા, સરળતા, હિંમત, વિશ્વાસ અને સમયસૂચકતા

👉 **प्रश्न संख्या 7. निम्नलिखित शब्दों की सटीक जानकारी को कम से कम शब्दों में आसानी से समझाइए: ईमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसूचकता**

**WINNER - Q 7: CHANDRESH MEHTA (57) MALAD MUMBAI, MAHARASHTRA**

**WINNER'S ANSWER :**

**Chandresh Mehta (57) Malad Mumbai, Maharashtra**

પ્રામાણિકતા :-પ્રામાણિકતા તમામ પ્રાયશ્ચિત શાસ્ત્રોનો સાર છે. પ્રામાણિકતા આત્માને આત્મહિતનુ આચરણ કરવામાં સહાયક થાય છે. પ્રામાણિકતા હોય ત્યાં સમર્પણ હોય જ. શક્તિ હોય તો સર્વ વિરતી લે જ એ પ્રામાણિકતા છે.
"સદગુરુને આપણા જીવનનું આધિપત્ય આપવું એ જ પ્રામાણિકતા"

સરળતા:-જે ઇસ્ટનિષ્ટ વિષયોમા રાગ નથી કરતો તે સરળ છે. જે સરળ છે તેને શુદ્ધિ મળે છે. શુદ્ધ છે તેનો ધર્મ ટકે છે. સરળતાની સાથે કરાતી આરાધનાના ફળના ગુણાકારો થાય છે. સરળતા જીવનમાં ક્યારેય કદાગ્રહ કે દ્રષ્ટિરાગ થવા દેતો નથી.
"સરળતાના પાયા પર અધ્યાત્મની ઇમારતો ચણી શકાય છે."

હિંમત:-હિંમત ઘટશે તો મોહબળ વધશે માટે આત્મબળને વધારો. જિનશાસન એટલે આત્મબળ વધારનારી વિશ્વ શ્રેષ્ઠ વ્યવસ્થા છે.
સ્વાધ્યાય, સંયમ, તપ, કુનીમિત્ત ત્યાગ, સુનીમિત્ત સેવન આં બધા હિંમતને વધારનારા પરિબળ છે. સત્કાર્યમા શુરવીર બનો દરેક વિઘ્નોને ચેલેન્જ સમજી સ્વીકારો.
"ધર્મને વિરાટ, હિંમતવાન શાશ્વત કર તારો વિજય નિશ્ચિત છે."

વિશ્વાસ:-વિશ્વાસ એટલે શ્રદ્ધા. જિનવચનો ઉપરની શ્રદ્ધા અતુટ હોવી જોઈએ. સંસારના દરેક અંગ પર વિશ્વાસ કરીએ એના વળતરરૂપ વિશ્વાસઘાત જ મળે છે. સંસારનો અર્થ જ વિશ્વાસઘાત છે.
"વિશ્વાસ રાખ એ જ તો દફનાવશે તને કોણે કહ્યું કે દોસ્તને તારી કદર નથી."

સમય સુચકતા:-આત્માને સન્મતિ છે તે બધું જ પરિણામ સુંદર વિચારીને જે લાંબાગાળે લાભદાયક હોય તો તે સમય સુચકતાથી સજાગ બને તો જે ભવાંતરમાં અનંત સુખને પામવાનું પ્રયોજન સ્વીકારી શકે છે.
" સમ્યક, તપ, ક્રિયા, સ્વાધ્યાયની યોગ્યતા કેળવી શકાય છે."

# સવાલ નંબર 7

👉 સવાલ નંબર-7 નીચેના શબ્દોની સચોટ જાણકારી સૌથી ઓછા શબ્દોમાં સરળતાથી સમજાવો: પ્રામાણિકતા, સરળતા, હિંમત, વિશ્વાસ અને સમયસૂચકતા

👉 प्रश्न संख्या 7. निम्नलिखित शब्दों की सटीक जानकारी को कम से कम शब्दों में आसानी से समझाइए: ईमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसूचकता

| | |
|---|---|
| TOP-2-SUREKHA SHAH, KHETWADI, MUMBAI | પ્રપંચ કે પ્રલોભન થી પરાણે પડવેલ પારકાના પૈસા ....... તે પામતા ની સાથે જ, પળભરમાં પરપોટા થઈ પાણી થઈ જશે....... જ્યારે પરિશ્રમ, પુરુષાર્થ અને પ્રમાણિકતાથી પ્રાપ્ત કરેલ પસીનાની પુંજી, પારસમણિ ની જેમ પ્રજ્વલિત થઈ પ્રગતિના પંથે પ્રસરતી જ જશે. કેમ છો પૂછતા સુખીરામ એકદમ સરળતાથી સહજતાથી કહેશે મજામાં, જ્યારે દુઃખીરામ કકળાટ કરી રડશે.દરેક વાત સરળતાથી સમજનાર સુખી, ના સમજ દુઃખી. હસિહસાવી , હૃદયના હેતને હિંચકાવિશું હિંમતથી તો હજારો હાલાકી હલ થશે.હૃદય રહેશે હૃષ્ટપુષ્ટ. વિઘ્ન કરતાની જેમ વિશ્વમાં વેર નું વિનાશ વધારવાને બદલે વિઘ્નહર્તા બની, વખતસર વાવીશું વ્હાલ ની વાવણી......તો થતો રહેશે વિપુલ વિશ્વાસ અને વિકાસ. સમયસુચકતા વાપરી વેળાસર વાવીશું વ્હાલ ભરી વાવણી તો દુશ્મનો પણ દોડી આવી દોસ્ત બનશે. |
| TOP-3-Rita Shah (0) Hyderabad Telangana | जय जिनेंद्र ,जय गुरुदेव, हमारेजीवन में ईमानदारी का होना बहुत जरूरी है जो आत्मा खुद के जीवन को इच्छाओं की दासी बनाती है राग द्वेष को कम करती है संयम जीवन का पालन करते हुए संयम जीवन का पालन कर सकती है वही आत्मा इमानदारी की अनुभूति भी कर सकती है जैसे जैसे मन में से इच्छा रूपी कचरे का अंत होता है तो मन प्रसन्न रहता है और मन में से अहंकार रूपी कचरे को निकालने से मन सुमन बन जाता है शांत उपशम सरल बन जाता है सरल बनने के लिए मन को झुकाना पड़ता है अहंकार को बाहर निकालना पड़ता है तभी मन सरल और शांत बन सकता है मन को नम्र बनाएंगे तो अपने आप हमारा स्वभाव सरल बन जाएगा धर्म से ही मन को नम्रऔर सरल बनाया जा सकता है जीवन में हर कार्य करने के लिए हिम्मत जरूरी है विश्वास भी उतना ही मायने रखता है पुण्य कर्म भुगतना ही पड़ता है परंतु पाप कर्म को त्यागना पड़ता है ।क्योंकि कर्म का उदय हमारे हाथ में नहीं होता परंतु कर्म का बंध हमारे हाथ में होता है इसलिए समय के साथ अपने आप को सुधार ले और समय सूचक का ध्यान रखें तो कर्म बंधन से मुक्त हो सकते हैं प्रभु से यही प्रार्थना करनी चाहिए कि कर्म बंध के समय जागृति दे हिम्मत दे विश्वास दे मन की सरलता दे और ईमानदारी के साथ धर्म के द्वारा पश्चाताप प्रायश्चित कर क्षमता भाव से व्यवहार शुद्धि करें और आत्म शुद्धि करें |

# સવાલ નંબર 7

👉 સવાલ નંબર-7 નીચેના શબ્દોની સચોટ જાણકારી સૌથી ઓછા શબ્દોમાં સરળતાથી સમજાવો:
પ્રામાણિકતા, સરળતા, હિંમત, વિશ્વાસ અને સમયસૂચકતા

👉 प्रश्न संख्या 7. निम्नलिखित शब्दों की सटीक जानकारी को कम से कम शब्दों में आसानी से समझाइए: ईमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसूचकता

## TOP-4-Kanjibhai Maheshwari (80) Gandhidham-Gujarat

જય· જિનેન્દ્ર ·,,સવાલ,નં ·,૭·
······ જવાબ ··········
પ્રમાણિકતા પૂર્વક આજીવિકા કમાવવાની ટેવથી બીજાનું શોષણ થતું નથી ·જીવનયાત્રા અહિંસાના ધોરી માર્ગે થઈને આત્મિય ગ્યાનાદિ ઉચ્ચ ગુણો આધ્યાત્મિક ભૂમિકાઓનો સ્પર્શ કરતી· કરતી· અંતે આત્મ રમણતામા વિરમે છે ·
ઉચ્ચ ચારિત્ર્ય એટલે નિર્મલતા,સરલતા હોય એ સ્વાભાવિક છે જ ·દરેક પ્રસંગમાં સરલતા થકી સમભાવ રહેછે,મધુર શાન્તિ રહેછે ·
હિંમત વિશ્વાસ થકી જ પ્રભુએ જે ભાવમાં,જે આજ્ઞા કરી છે તે, તે ભાવે ઇરાનીએ તો જિનેશ્વર દેવની આજ્ઞા નું તાત્પર્ય સ્ફુટ થતું પામી શકાય ·ભગવાને પ્રબોધેલ કર્મ સિધ્ધાંત, હિંમત વિશ્વાસ થી આચરણમાં મૂકી શકાય છે ·
સમયસુચકતા સંસારમાં જીવનયાત્રાને સમયબધ્ધતા રાખવી અનિવાર્ય છે ·
ધર્મકાર્ય,ઘર પરિવાર કાર્ય ,અર્થ ઉપાર્જન કાર્ય,વગેરે સમયસર નિશ્ચિત રાખવાથી કોઈ ઉપાધિ પડશે નહીં · સહજપણે રોજિંદા જીવન યાત્રા ના કાર્યો બદલ સહજ પ્રમાણિકપણે થતાં રહેશે ·આપણે તો નિમિત્ત માત્ર બનવાનું છે ·
ઘરમાં સંતાનોને સમય આપવો ,પરિવારને સમય આપવો અને સત્સંગમાં સમય આપવો એનાથી પાટા પર ચાલતી ગાડી નિયત સ્થાને ચોક્કસ પહોંચી શકેછે ·
·········· મિચ્છામિ દુક્કડમ···

## TOP-5-Kanaklata Mehta (0) Mumbai Maharashtra

"સવાલ·7"
"સરળતા, સમય સૂચકતા, પ્રામાણિકતા, વિશ્વાસ, સાહસ·"

મનમાં જેમ હોય તેમ બોલવું, વર્તવુ, જેવું હોય તેવું દેખાવું, દેખાડવું તે સરલતા·

જે સમયે, જે યોગ્ય હોય તે, તાત્કાલિક નિર્ણય લઈ પગલા ભરવા તે સમય સૂચકતા·

ન્યાય નીતિ પૂર્વકનો વ્યવહાર તે પ્રામાણિકતા· વ્યાપારમાં વસ્તુની યોગ્ય કિંમત લેવી· માલની ભેળસેળ, તોલમાપ ની ગરબડ ન કરવી, હિસાબમાં કે વસ્તુ માં ભૂલ હોય તો, પોતાનો લાભ છોડી ને પણ વસ્તુ કે પૈસા પરત કરવા, અણહક નું ન લેવું·

વ્યક્તિને જાણીને, તેમાં મુકેલો ભરોસો તે વિશ્વાસ· કોઈની ગુપ્ત વાત, બીજાને ન કહેવી, ઉછીના પૈસા સમયે પરત કરવા, વાપરવા આપેલ વસ્તુ પર કબજો ન કરવો· વચનપાલન તે વિશ્વાસ·


દિર્ઘ દ્રષ્ટિ પૂર્વકનું, વિચાર પૂર્વક નું, થોડું જોખમ ઉઠાવીને પણ ભરેલું પગલું તે હિંમત· હિંમતે મર્દા તો મદદે ખુદા·

# સવાલ નંબર 7

👉 સવાલ નંબર-7 નીચેના શબ્દોની સચોટ જાણકારી સૌથી ઓછા શબ્દોમાં સરળતાથી સમજાવો: પ્રામાણિકતા, સરળતા, હિંમત, વિશ્વાસ અને સમયસૂચકતા

👉 **प्रश्न संख्या 7. निम्नलिखित शब्दों की सटीक जानकारी को कम से कम शब्दों में आसानी से समझाइए: ईमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसूचकता**

## TOP-6-BHARTI BHARAT LODAYA



सचोट सवाल न. (7)

ईमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसूचकता

ईमानदारी :- सच्ची नियत, सही नीति जो किसी भी परिस्थिति में प्रलोभनों के समक्ष न डगमगाये, स्वार्थवश दूसरो का अहित न करे, वह ईमानदारी है।


सरलता :- छल-कपट-प्रपंच-माया व कटुता आदि से रहित आत्मा की निश्छलता एवं मन-वचन-काया के कार्यव्यवहार सरलता है।

साहस :- डर-दब्बूपन से दूर, विपरीत स्थिति में भी किसी कार्य को करने के लिये जो उचित जोश व आवश्यक हिम्मत होती है वह साहस है।

आत्मविश्वास :- किसी भी बात के लिये मन में एक दृढ़ता - निश्चयता का संचार, पक्के मनोबल के साथ स्वयं पर विश्वास का नाम आत्मविश्वास है।

समयसूचकता :- उचित वक्त पर औचित्यपूर्ण कार्य, बात, निर्णय अथवा अन्य क्रियाकलाप याने सही समय पर सही बात समय सूचकता कहलाती है।

## TOP-7-Savita Atulkumar Kukana



॥णमो सिद्धाणं॥

नाम:= सौ. सविता अतुलकुमार मुनोत. कुकाणा

मो. नं:- 9405540617.

निम्नलिखित शब्दों की सटीक जानकारी को कम से कम शब्दों को आसानी से समझाइए। इमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसुचकता।

→ इमानदारी := खुद के अंदर के मान को बढाना, कभी किसी का बुरा ना चाहना, सच्चाईकी राह पर चलना, आत्मशुद्ध रखना इमानदारी है।

→ सरलता := किसी के प्रति कटुता द्वेष, मत्सर नही रखते हुए वृक्ष की डाली की तरह मनमेंसरलभाव रखना याने सरलता है।

→ साहस := जीवन आयी हर चुनौती को डटकर सामना करना खुद के अंदर रहे हुए सद्‌गुणों को जीवन मे उतारना कर्म को हसते-हसते काटना साहस है।

→ आत्मविश्वास := खुद के उपर आत्मा के उपर खुद का आत्मसन्मान बढाना और के मन हमारे रहे विश्वास को कभी ना तोडना आत्मविश्वास है।

→ समयसुचकता := समय कभी किस के लिये नही रुकता हमे हरपल हर-घडी जागृत रहना है और समय का सदुपयोग करना समयसुचकता है।

# સવાલ નંબર 7

👉 સવાલ નંબર-7 નીચેના શબ્દોની સચોટ જાણકારી સૌથી ઓછા શબ્દોમાં સરળતાથી સમજાવો: પ્રામાણિકતા, સરળતા, હિંમત, વિશ્વાસ અને સમયસૂચકતા

👉 **प्रश्न संख्या 7. निम्नलिखित शब्दों की सटीक जानकारी को कम से कम शब्दों में आसानी से समझाइए: ईमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसूचकता**

## TOP-8-Jagruti Harde (58) Mahesana, Gujarat

0

૨૫-૭-૨૦૨૦

મનોરંજન પાર્શ્વનાથાય નમઃ

સવાલ નં - ૭

પ્રામાણિકતા, સરળતા, હિંમત, વિશ્વાસ અને સમયસૂચકતાની સચોટતા

જવાબ :- ૭

પ્રામાણિકતા : આ ધર્મનો ઉંચામાંઉંચો પ્રકાર છે. ભગવાનના સિધ્ધાંત પ્રમાણે જે વ્યક્તિ ચાલે છે, પ્રામાણિક જીવન જીવતો હોય તો કર્મોનું સારું ફળ મળેજ છે.

સરળતા : કોઈને દુઃખ થાય, દીલ દુભાય કે કોઈની તકલીફ જોઈ ન શકનાર વ્યક્તિમાં સરળતાનો ગુણ સમાયેલો છે.

હિંમત : જે જીવના જોખમ કરતાં વધારે તકલીફ આવે છે, જેમાં પોતાની નહીં પણ સાથે આવેલાં હોય એમની જવાબદારી કે એમની તકલીફની પરવા એટલે જ હિંમત.

વિશ્વાસ : જેની સાબિતી ન હોય ને એમાં માનવું એટલે જ વિશ્વાસ. જ્ઞાનનો, કર્મનો, ભક્તિનો જન્મ વિશ્વાસથી જ થાય છે. વિશ્વાસપાત્ર વ્યક્તિનો સાથ જોઈએ તો પહેલાં પોતાની જાત પર વિશ્વાસ કરતાં શીખવું.

સમયસૂચકતા : સમયને અનુરૂપ તાત્કાલિક કામ કરવાની વિચક્ષણ બુધ્ધિશક્તિનો ગુણ. કોરોનાની મહામારીમાં પ્રામાણિકતાથી સરળરીતે હિંમત દાખવીને વિશ્વાસ રાખી સમયસૂચકતાથી સતર્કતાપણો રાખશો તો ભીડમાં પણ અસુરક્ષાની અનુભૂતિ નહીં થાય.

ટૂંકમાં, આ બધા પાસાં યોનિમાંની કડી સમાન છે.

[ મિચ્છામી દુક્કડમ્ ]

હરડે જાગૃતિ રાજેશકુમાર
૯, ચક્રેશ્વરી સ્ટોર,
ટી. બી. રોડ, મહેસાણા-૨
(M.) ૯૪૨૬૩૦૯૩૫૧.

## TOP-9-Pravina Shah

સવાલ ૭

પ્રામાણિકતા, સરળતા, હિંમત વિશ્વાસ અને સમયસૂચકતા ( સચોટ જાણકારી ઓછા શબ્દોમાં)

જવાબ ૭

સિધ્ધાંત, સંસ્કારની ટ્રેનમાં, ગુણોના ડબ્બા, મન, વચન, કાયા, હૃદયથી વ્યક્તિત્વનું દર્પણ...

'સ્વ" પરનો વિજય પ્રામાણિકતા અને સરળતાથી, હિંમત, વિશ્વાસ અને સમયનો સદ્ઉપયોગનો સંગમ...


પ્રામાણિકતા = દરેક પરિસ્થિતમાં સિધ્ધાંત પર મક્કમ રહેવું. પુરુષાર્થથી

સરળતા = ધારણા વિરુધ્ધ થાય કે વિકટ પરિસ્થિતિમાં સરળ રહેવું.

હિંમત વિશ્વાસ = વચન અને મનથી જવાબદારી નિભાવાય, પોતાની પ્રગતિ બીજાને વિશ્વાસ આવે તે સ્વ પર વિજય

સમય સૂચકતા = નિર્ણય શક્તિ પ્રતિ ક્ષણ સાવધાન હોય...

નીતિ નીયતીન થી




Pravina Shah (m) 9819519110
D-1/3 Dwarkesh Park,
Ground Floor Behind H.D.F.C.
Saibaba Nagar, Borivali (W)
Mumbai - 400092.

# સવાલ નંબર 7

👉 સવાલ નંબર-7 નીચેના શબ્દોની સચોટ જાણકારી સૌથી ઓછા શબ્દોમાં સરળતાથી સમજાવો: પ્રામાણિકતા, સરળતા, હિંમત, વિશ્વાસ અને સમયસૂચકતા

👉 **प्रश्न संख्या 7. निम्नलिखित शब्दों की सटीक जानकारी को कम से कम शब्दों में आसानी से समझाइए: ईमानदारी, सरलता, साहस, आत्मविश्वास और समयसूचकता**

## TOP-10-Sonal P Shah


Biology Journal

Sonal. P Shah 165

સવાલ- 7 9969401977

પ્રામાણિકતા

એટલે નીતી અને ન્યાયથી જીવવું. પ્રામાણિક માણસ ધર્મ કરે તો ધર્મ પણ શોભી ઉઠે છે. ભગવાન મહાવીરના સમયમાં જેમ પુણિયા નામે શ્રાવક હતા. ખૂબ ગરીબ હતા. પણ પ્રસન્નતાથી, આનંદથી જીવતા હતા. ક્યારેય પણ ખોટું ન કરવું. અનીતિથી જીવન જીવવું નહિ. જેનામાં પ્રામાણિકતા છે તેને કોઈનો ડર લાગતો નથી. સૌ કોઈ એના ઉપર વિશ્વાસ કરે. આપણે પણ પ્રામાણિક બનીશું અને ભગવાને બતાવેલા ધર્મના વ્રતોને સારી રીતે માણી શકશું.

સરળતા

જેના જીવનમાં સરળતા ગુણનો વિકાસ થયો હોય તેનું દરેક કાર્ય નિઃસ્વાર્થ ભાવે થતું હોય છે. સરળતાપૂર્વક જીવન જીવવાથી પાપોના અનુબંધનો ધ્વંસ થાય છે. સરળતાથી માર્ગાનુસારીના ગુણો પ્રગટ થાય છે. સરળતા એ આત્મવિશ્વાસની નિસરણી છે. જેમ જેમ નિસરણીના પગથિયાં ચઢતા જઈશું, તેમ તેમ એ મોક્ષની નજીક પહોંચશું.

હિંમત, વિશ્વાસ

વિશ્વાસ એ મૂડી છે. એકબીજા ઉપર વિશ્વાસ હોય તો આપોઆપ હિંમત આવી જાય. ભગવાન પર વિશ્વાસ કરવાથી કેમ જીવવું, કેવી રીતે જીવવું, કયું કામ કરવાથી દુર્ગતિમાં ન જવાય આ બધું મળવા મળે છે. ભગવાન સુખ દુઃખ મોકલતા નથી પણ એમના ઉપર વિશ્વાસ રાખવાથી સુખ દુઃખમાં કેવી રીતે જીવન જીવવું તેની હિંમત આપે છે.

સમયસૂચકતા

સમયજ્ઞ વ્યક્તિને સમયની જાણકારી હોય છે. જે સમયે જે કાર્ય કરવા યોગ્ય છે તે કાર્યની મુખ્યતા રાખી બીજા કાર્યને ગૌણ કરી શકે તે જ સાચો સમયજ્ઞ કહેવાય. નદીના પ્રવાહને અટકાવી શકાય છે પરંતુ સમયના પ્રવાહને કોઈ અટકાવી શકતું નથી. સમય સૂચકતા વાળો વ્યક્તિ દરેક ક્રિયા અને કર્મની નિર્જરા કરાવે છે. તે ક્યારેય તિરસ્કારપાત્ર બનતો નથી. તે થોડા સમયમાં ઘણું કાર્ય કરી લે છે.

ભૂતકાલ સપના થા, ભવિષ્યકાલ કલ્પના હૈ,
ઔર વર્તમાન કાલ અપના હૈ.

જય જિનેન્દ્ર.

## TOP-11-Surekha Dilip Shha

સંસ્કાર ની બારાખડી ની સંગીતમય સફર
અની આશાઓથી આરંભ થતી અને હ ના હા સાથે પૂર્ણ થતી જીવન જીવવા અને જીતવા માટે નીજોમ જોશ ભરી જાત્રા જેવી આવી બારાખડી ની યાત્રાના।
આપણે જ છીએ writer
આપણે જ છીએ producer
આપણે જ છીએ director
આપણે જ છીએ actor
તેથી દુઃખ ને દસ થી ભાગી સદગુણ સદાચાર સદબુદ્ધિ ને ત્રણ થી ગુની બળતરા ની બાદબાકી કરી સ્નેહ નો સરવાળો કરી ગમતા કરીએ ગણિત ના આવા ગુણો ને ·
સ્નેહ ના સેતુ એ સર્વો થઈ એકસાથે
મિલાવી મનમેળ ના તાર એકતા લે
આવકારી અંતરની આવી અપેક્ષાઓને એક રાગે
સજાવીશું જ્યારે સ્નેહ સંગીત ને એક સૂરે ત્યારે
સ્નેહ સજી આવી સરગમ, તે સર્વના હૈયે હોઠે રહી હરદમ
સફળ થશે જીવનની સુહાની સફર
અને
આ સૃષ્ટિમાં જ સદા સાંભળી શકાશે
સાચા સુખનુ સાચું સંગીત
અહીં····· આજે······· અને·········· હંમેશા